પોલીસ અધિક્ષકની કચેરી, મહીસાગર
જીલ્લા સેવાસદન સંકુલ, સેશન્સ કોર્ટની સામે, લુણાવાડા
ફોન નંબર- ૦૨૬૭૪૨૫૦૧૨૮
ફેક્સ નંબરઃ૦૨૬૭૪-૨૫૦૮૧૬ e-mail:sp-lunav-mahi@gujarat.gov.in

આ.ન ૭૪૯

ખાનગી

ક્રમાંકઃતપસ/ડીપી/ફ.મો/ ૬૯૫૫ /૨૦૨૫
તા. ૨૯/ ૧૦ /૨૦૨૫

**ફરજમોકુફી હુકમ :-**

અત્રેના જીલ્લાના કોઠંબા પો.સ્ટે. ખાતે ફરજ બજાવતા આ.વુ.પો.કો મનીષાબેન કાન્તિભાઇ પરમાર બં.નં. ૩૨૨ નાઓની કોઠંબા પો.સ્ટે.ની ફરજ દરમ્યાન પો.ઇ.શ્રી વી.આર.સોનારા સાથે લગ્ન બહારના (આડા સબંધો) હોવાનું પ્રથમ દ્રષ્ટીએ જણાઇ આવેલ છે. જે તમારી ફરજમાં દાખવેલ ગંભીર ગેરવર્તણૂંક એવી છે કે, જે ખાતાકીય તપાસના અંતે પુરવાર થાયતો ફરજીયાત નિવૃતિ, રૂખસદ કે બરતરફી જેવી ગંભીર શિક્ષામાં પરિણમે તેમ છે તેમજ જો તમોને ફરજ પર ચાલુ રાખવામાં આવે તો સત્તાનો દુરઉપયોગ કરી સાક્ષી પુરાવાનો નાશ કરો તેમ છો તે સબબ તમારી સામે ખાતારાહે પગલા ભરવામાં ન આવે ત્યા સુધી તમોને મુંબઇ પોલીસ (શિક્ષા અને અપીલ) નિયમો ૧૯૫૬ ના નિયમ-૩(૧-અ)(૧) થી મળેલ સત્તાની રૂએ આ હુકમ મળ્યા તારીખથી તાત્કાલીક અસરથી ફરજ મોકુફ હેઠળ મુકવા નિર્ણય લઉ છું.

**હુકમઃ-**

હું સફીન હસન, પોલીસ અધિક્ષક, મહીસાગર,આથી આ.વુ.પો.કો મનીષાબેન કાન્તિભાઇ પરમાર બં.નં. ૩૨૨ કોઠંબા પો.સ્ટે. નાઓને આવી ફરજમાં ગંભીર પ્રકારની બેદરકારી અને નિષ્કાળજી દાખવવા બદલ તેઓને મુંબઇ પોલીસ (શિક્ષા અને અપીલ) નિયમો-૧૯૫૬ના નિયમ-૩ (૧-અ) (૧) થી મળેલ સત્તાની રૂએ તા. ૨૯/૧૦/૨૦૨૫ ના રોજથી ફરજ મોકુફી હેઠળ મુકુ છું.

૨/- ફરજ મોકુફીના પ્રથમ છ માસ માટે તેઓ અર્ધપગારી રજા ઉપર ગયા હોત તો જે રજા પગાર મળવા પાત્ર થાય તેટલી રકમ નિર્વાહ ભથ્થા તરીકે તેઓને ચુકવવામાં આવશે ત્યાર પછીના સમયગાળા માટે નિયમોનુસાર નિર્વાહ ભથ્થામાં વધારો-ઘટાડો કરવામાં આવશે.

૩/- ઉપર્યુક્ત નિર્વાહ ભથ્થા ઉપર ગુજરાત સેવા સસ્પેનશન, ડીસમીસલ એન્ડ રીમુવલ રૂલ્સ-૨૦૦૨ના નિયમ-૬૮ આધારે મોઘવારી ભથ્થા તથા અન્ય મળવા પાત્ર ભથ્થા ફરજમોકુફીના સમયગાળા દરમ્યાન મળવા પાત્ર રહેશે.

૪/- ફરજમોકુફીના સમય દરમ્યાન તેઓનું મુખ્ય મથક પોલીસ હેડ કવાર્ટર, મહીસાગર ખાતે નક્કી કરવામાં આવે છે. અને તેઓને હેડકવાર્ટર છોડવાનો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે નિયમોનુસાર સક્ષમ અધિકારીને રીપોર્ટ આપી મંજુરી મેળવ્યા બાદ હેડ કવાર્ટર છોડવું અને જે સ્થળે જવાના હોય તે સ્થળનું પુરેપુરૂ સરનામુ હેડકવાર્ટર છોડતા પહેલા લેખિતમાં આપવાનું રહેશે અન્યથા તેઓ તેટલા સમય માટે નિર્વાહ ભથ્થાનો હક્ક ગુમાવશે.

૫/- ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો-૧૯૭૧ના નિયમ-૧૫(૧) ની જોગવાઇઓ મુજબ ફરજમોકુફી દરમ્યાન તેઓ કોઇ ખાનગી નોકરી કે ધંધો કરી શકશે નહી. આ સુચનાનો ભંગ કરશે તો તેટલા સમયનું નિર્વાહ ભથ્થુ મેળવવાનો હક્ક ગુમાવશે અને ગેરવર્તન બદલ તેઓ વિરૂદ્ધ ખાતા રાહે પગલા ભરવામાં આવશે.

( સફીન હસન )
પોલીસ અધિક્ષક
મહીસાગર

પ્રતિ,
આ.વુ.પો.કો મનીષાબેન કાન્તિભાઇ પરમાર બં.નં. ૩૨૨ કોઠંબા પો.સ્ટે.
મારફતેઃ- પો.ઇ.શ્રી, કોઠંબા પો.સ્ટે. (બે પ્રતમાં)

૨/- આ ફરજમોકુફી હુકમની અસલ પ્રત મજકુરને અદાકરી બીજી પ્રત પર તેઓની તારીખવાળી સહી મેળવી સહીવાળી નકલ અત્રે મોકલી આપશો.

નકલરવાનાઃ- ના.પો.અધિ.શ્રી લુણાવાડા/મુ.મ/રી.પો.ઇ.શ્રી,પોલીસ હેડકવૉટર-લુણાવાડા/ડીપીજી/એન્ટ્રીક્લાર્ક/હિશાબીશાખા.
નકલસવિનય રવાનાઃ- પોલીસ મહાનિરીક્ષકશ્રી, પંચમહાલ-ગોધરા વિભાગ ગોધરા.